# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

પીરસાય સત્તાની ખાયકી નશો ખાણાંમાં છે
ગવાય છે ગાણાં સરકારી ઘેન ભાણાંમાં છે
દાણામાં છે લોટ હપ્તાનો લ્હાણાંમાં યશ-કલગી,
ન્યાય, કાયદો ને સુરક્ષા રિબાય થાણામાં છે
(પોલીસ - સરકારની મીલી ભગત)

## હાઈકુ

પોકારે પાપ,
જમીન કૌભાંડનાં -
છાપરે ચઢી..

પોષી બિલાડી
હવે સરકારને જ
કરે છે મ્યાંઉ..

## ચિંતન

**શશી દિવસ ધૂસરો ગલિત યૌવના કામિની સરો વિગતવારિજં મુખ મનક્ષરં સ્વીકૃતેઃ ।**
**પ્રભુર્ધન પરાયણઃ સતત દુર્ગતઃ સજ્જનો નૃપાંગણગતઃ ખલો મનસિ સપ્ત રાલ્યાનિ મે ॥**

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા અધ્યાય 'સામાન્ય નીતિ' નો આ શ્લોક છે :

'દિવસના પ્રકાશને કારણે ઝાંખો પડેલો ચંદ્ર, યૌવનહીન થયેલી સ્ત્રી, કમળ વિનાનું (સૂકું) સરોવર, સુંદર ચહેરાવાળા હોવા છતાં જે ચહેરા પર વિદ્યા રૂપી આભા તેજ એવું મુખ, જે રાજા ધનલોભી હોય તે, કંજૂસ અને લોભીયો શેઠ-માલિક, સતત ગરીબીમાં જ સબળતો સજ્જન, ગુન્હાઇતિ ઇતિહાસ ધરાવતો દુર્જન જે સંસદસભ્ય અને વિધાનસભ્ય થઇને બેસી ગયો છે તે - 'આ સાત પ્રકારના વ્યક્તિઓ મને મારા મન-હૃદયમાં શૂળની જેમ ભોંકાય છે, ખટકે છે.'

અહીં સાત પ્રકારની વ્યક્તિઓની યાદી આપવામાં આવી છે. જે વાસ્તવિક જીવનમાં સૌને શૂળની જેમ હૃદયમાં ચૂભાય છે, શ્લોક રચિયિતા કહે છે મને આવા સાત પ્રકારના લોકો ગમતાં નથી.

## સુવિચાર

- જે હકુમત પોતાના વખાણના બણગાં ફૂંક્યા કરે છે તે બહુ લાંબું ચાલતી નથી- **થોરો**
- દરેક વ્યક્તિ એક મહાનગ્રંથ સમાન છે, જો તમને એને વાંચતા આવડે તો **- સંત ઓગષ્ટીન**
- ભરોસો, વિશ્વાસ, શ્રધ્ધા - એ બે વ્યક્તિ વચ્ચેનો સેતુ છે **- સોક્રેટીસ**
- પોતાનું કેન્દ્ર બહાર ન રાખો, તમારું પતન થશે, પોતાનામાં સંપૂર્ણ વિશ્વાસ રાખો **- સ્વામી રામતીર્થ**
- ઘણીવાર અહંકાર અને આત્મવિશ્વાસ વચ્ચેની પાતળી ભેદરેખા ઓળખવી મુશ્કેલ બને છે **- ગોલવલકર**
- પોતાના કામમાં, પોતાનો દૃઢ વિશ્વાસ અને અખૂટ શ્રધ્ધા એટલે આત્મવિશ્વાસ- **ગાંધીજી**
- કોઇ પણ વ્યક્તિ જયારે કોઇનો વિશ્વાસ ગુમાવે ત્યારે તેનું પતન થઇ જાય છે **- એસ. ભટાચાર્ય**

## બોધ કથા

મોહ-માયા-પ્રેમ-સંબંધો, બધું જ ક્ષણભંગુર છે છતાં માનવી આવા સંબંધો સાચવવામાં આને ખરાબ લાગશે ને આને સારું નહીં લાગે નો આળપંપાળમાં આપણાં જીવના મહત્ત્વનાં દિવસો-સમયને ગૂમાવી જીવનનો હેતુ-ધ્યેયથી વિચલિત થઇ જઇએ છીએ.

રાજા ભર્તૃહરિની પ્રિયરાણી પિંગલાનું દુઃખદ અવસાન થયું. રાજા, રાણી પર ખૂબ આશક્ત હતા. તેથી ખૂબ વ્યથિત થઇ ગયા. રાજપાટ છોડી સ્મશાનમાં રહેવા લાગ્યા. ખાવા-પીવામાં બેદરકાર થઇ ગયાં. શરીર-સ્વાસ્થ્ય પ્રત્યે પણ બેકાળજી થઇ. રાજાના પ્રધાનો-દરબારીઓની પણ રાજાને સમજાવવા અને કર્તવ્યભાન કરાવવાની, કોઇમાં હિંમત ન હતી.

ત્યારે એક ચતુર મંત્રીએ રાજા ભર્તૃહરિના ગુરુ ગોરખનાથને તેમનાં શિષ્યની વ્યથાની વાત પહોંચાડી.

ગુરુ ગોરખનાથ આવ્યા અને પ્રધાનમંડળ પાસેથી રાજાના વૈરાગ્યની અને કર્તવ્ય પાલનમાં ઉદાસીની વાત સાંભળી. એક માટીનું પાત્ર લઇ સ્મશાનમાં રાજા પાસે ગયા અને રાજાના હાથમાં પાત્ર એવી રીતે આપવા લાગ્યા કે રાજાથી ઝીલાયું નહીં અને જમીન પર પટકાઇ તૂટી ગયું..

હવે ગુરુજી ખૂબ વિલાપ કરવા લાગ્યા. કલાકો સુધી રૂદન કર્યું, ભર્તૃહરિ મૂંઝાયા, કહ્યું - ગુરુજી ક્ષણ ભંગુર માટીનાં પાત્ર માટે આટલો બધો વિલાપ કરવો યોગ્ય નથી..

ગુરુ બોલ્યા - 'હું પણ તને એ જ સમજાવવા આવ્યો છું.' પછી ભર્તૃહરિએ કારભાર સંભાળી લીધો.

# સેન્ચુરી આફ્ટર સેન્ચુરી મેનકાઇન્ડ મેડ સેમ મિસ્ટેક્સ

## વિચાર યાત્રા

- જય ઓઝા

(ગતાંકથી આગળ...)

**(૪) ફાલતું બાબતોનું વળગણ છોડવાની અશક્તિ**

જિંદગીમાં જલસા હોવા જોઈએ... પરંતુ જલસાઓમાં જિંદગી નથી એ ભૂલવું ન જોઈએ... જવાબદારીઓનાં ભોગે જલસા કરવા જઈએ તો હાથમાં કશું આવતું નથી...

સદીઓથી આપણે કોઈને કોઈ એડિકશનથી બરબાદ થતાં આવ્યા છીએ... કોઈ શોખનું વળગણ હોવું અને ઝઝૂન હોવું આ બંને અલગ અલગ બાબતો છે. રહેમાન દિવસો સુધી ગીતો સાંભળ્યા કરે તે એનું પૅશન છે, તેની ક્રિએટીવિટી છે... પરંતુ આપણે જો ગીતો સાંભળે રાખીએ કામધંધો પડતો મુકી દઈએ તો કેવળ ટાઈમપાસ છે.

કેટલાય રજવાડા આવા મોજ-શોખમાં બરબાદ થઈ ગયા...

સમય બદલાય તેમ વળગણના પ્રકાર બદલાય... પરંતુ તેમાં રચ્યા પચ્યાં રહીને આપણે હજી બદલાયા નથી... જૂના જમાનાનાં મોજ-શોખ કાળક્રમે લુપ્ત થયા તો હવે ફૅસબુક - ટ્વીટર આવી પડ્યા છે. દરિયામાં છબીછબીયાં કરવા ચોક્કસ જવાય પરંતુ ત્યાં ઘર માંડીને રહેવાય નહીં.

કામનો થાક ઉતારવા કે ફ્રૅશ થવા ફૅસબુક પર જવું... અને ફૅસબુક પર ચૅટ કરવા જતાં કામ જ ભૂલાઈ જાય આ બંને અલગ બાબતો છે.

### જો પાયા ઉસકો યાદ કર
### જો ખોયા ઉસકી ફરિયાદ ન કર

નૅઈલ - પૉલિશ કરવામાં કે ડ્રૅસ સિલેકશન કરવામાં કલાકો કાઢી દેવામાં ઘણીવાર બનીઠનીને જે રિસૅપ્શનમાં જવાનું હોય, તેનો જ ટાઈમ ચૂકી જવાય છે.

યારો - દોસ્તોની સાથે ગલીના નાકે ચા-પાન - સિગારેટના ધૈરમાં થતા ગપ્પાઓમાં જિંદગી ખરાબે ચઢાવી દેનારા ઓછા નથી!

લાઈફમાં સૅટલ થવાના અને નવા નવા બિઝનેશ આઈડિયાઝની વાતો કરવાવાળા જો થોડા નવરાં થાય તો કામ પર ફોક્સ કરી શકે ને! પરંતુ આ તો બજાજનું આ નવું બાઈક આવ્યું... પેલી ફલાણી નવી કાર આવી... કે પછી સિરીયામાં બળવાનું શું પરિણામ આવ્યું! ગદાફીના જવાથી શું થશે વાળા અતિજ્ઞાનનું વળગણ દિલા ભૂલાવી દે છે...

મુખવાસ કદી ફુલ ડીશ બની શકે નહીં... ફિલ્મ જોઈને રણવીરના જૅકેટની અને હૅર સ્ટાઈલની કલાકો સુધી ચર્ચા કરનારા ફિલ્મમાં તેની યાદગાર અભિનય ક્ષમતા જોવાનું ચોક્કસ ચૂકી જતા હોય છે... ભોજનના સ્વાદને બદલે લંબલોક્સની બ્રાન્ડની ચિંતા કરવામાં ભણી ન શકનારાઓની આ વાત છે.

**(૫) મગજનો વિકાસ કરી તેજ બનાવવા પ્રત્યે નિરસતા, વાંચનની ટેવની અવગણના...**

જ્ઞાન મેળવવા પ્રત્યેની બેદરકારી છેક ૨૦૦૦ વર્ષ પહેલાં સિસેરોથી ચાલતી આવે છે... આપણા માઈન્ડમાં આપણી સિસ્ટમમાં એક પરમેનેન્ન્ટ વાઈરસ એવો છે જે આપણી બુધ્ધિને તીક્ષ્ણ કરવા માટેના સાધનોથી દૂર રાખે છે.

સ્વ - અધ્યયન કરીને પોતાની રીતે કાઢું કાઢનારા લોકો આંગળીના વેઢે ગણાય તેટલાંજ છે... આમ પણ જંગલમાં સસલાની વસ્તી કરતાં સિંહની વસ્તી ઓછી જ રહેવાની.

જેમ શરીરને સુડોળ કરવા માટે કસરત કરવી પડે, જિમમાં જવું પડે, તેમ મગજને પણ મજબૂત અને બુધ્ધિને તીક્ષ્ણ કરવા માટે પણ કસરત કરવી પડે છે, અને મગજનું જિમ્નેશિયમ છે... લાઈબ્રેરી.

મોટા ભાગના લોકોને જરાક મગજ પર ભાર દેવો પડે કે કંટાળો આવે છે. કોઈ ફિલમ પર જરા સિરિયસ હોય તો 'પકાઉ' અને 'થકાઉ', બોરિંગ એવું બધી કહીને ભાગી આવીએ છીએ.

એક પુસ્તક એટલે તેમાં ઠલવાયેલું એક મગજ. તેને જેટલું વાંચીએ તેટલું નવું જાણવા સમજવા મળે છે. જેમ વધુ વાંચીએ, તેમ સર્જનાત્મકતા ખીલતી જાય છે... પરંતુ જો આપણે 'સર્વગુણ સંપન્ન' હોવાના વહેમમાં જ જીવવાનું પસંદ કરતા હોઈએ... તો ઉપરવાળો પણ હાથ ખંખેરી નાંખે છે.

**(૬) આપણે જે માનીએ છીએ, અને જેમ જીવીએ છીએ એમ જ બીજાઓએ માનવું કે તેની ફરજ પાડવાની ઘેલછા.**

બધાની શ્રધ્ધા અલગ હોય છે. પરંતુ બધાને બીજાઓ પાસે પોતાની વિચારધારા જ સાચી એમ પરાણે મનાવવી હોય છે! આપણા વડીલ કહેવાતા વ્યક્તિઓ.

તેઓ પોતાની માન્યતા અને અનુભવો મુજબ જ બાળકોને કૉપીકૅટ બનાવીને આખી જિંદગી માટે ચાવી વાળું રમકડું બનાવીને મુકી દે છે. કહેવાતી સ્વતંત્રતા આપશે પરંતુ તેનું દોરડું તો પોતાના હાથમાં જ રાખે છે.

બધાની જિંદગી પર ન્યાય તોળીને પોતાના આધારે જ એમનાં સારા - ખરાબનાં ફેંસલા સંભળાવી દેવાની બૂરી આદત આપણને છે.

તમારા અનુભવ પ્રમાણે તમે જીવો, અને બીજાઓ તેમની રીતે વિચારે તેવી સ્વતંત્રતા આપો... તેમાં જ વાર્ધકયનું શાણપણ છે.

આપણે આપણી વાત મક્કમતાથી રજૂ કરવી પરંતુ બીજાને એના ચોકઠામાં બાંધવાની મથામણ ત્યજી દેવી.

બાપ-દીકરીને, સાસુ વહુને, પત્ની પત્નીને, પ્રેમી પ્રેમીકાને, ગુરૂ-શિષ્યને, બધા જ બીજાઓને પોતાના બીબામાં ઢાળવાની કોશિષ કરે છે.

સિસેરો મહાશય તો આપણા મનુષ્ય જાતની આ છ ચિરંતન ભૂલોની વાત કરે છે... પરંતુ ખરેખર તો આપણે ઘણી બધી વેક્સિન પીવાનું ચૂકી ગયા છીએ... બિમારીને બિમારી ન સમજીએ ત્યાં સુધી તેનો ઈલાજ કેમ કરીને થાય!

ફિલોસોફી અને પ્રેક્ટિકલ લાઈફ વચ્ચે દેખીતો કોઈ સંબંધ નથી... પરંતુ લાઈફને બૉરિંગ નહીં પરંતુ રંગબેરંગી બનાવવી હોય તો આજથી જ આ છ ભૂલો પર નજર નાખવાનું શરૂ કરી દઈએ...

# મન, વચન અને કાયાનું જયારે એકત્વ સધાય ત્યારે કોઈક બેજોડ આદર્શ પ્રસ્થાપિત થાય છે

## વાણીનું વરદાન

- હર્ષદ પ્ર. શાહ

જગતના મોટાભાગનાં પશુ-પક્ષીઓને વાચા મળી છે પણ વાણી મળી છે માત્ર માનવને. માનવના કંઠહારમાંથી નીકળતા શબ્દો વાણી બને છે. આ વાણીમાં જયારે સંયમ અને માધુર્ય ભળે ત્યારે એ કલ્યાણી બને છે પરંતુ જયારે એમાં સ્વચ્છંદતા અને કટુતા ભળે ત્યારે બે કિનારાની મર્યાદા ઓળંગીને વહેતી ગાંડીતૂર નદી જેવી જ ભાસે છે... અને ત્યારે એ વિનાશક બને છે.

વાણી એ કંઇ ઠાલા શબ્દો નથી. એમાં અર્થ અને ભાવ હોય છે. વાણીના અર્થ અને ભાવ હોય છે. વાણીના અર્થ અને ભાવ ત્યારે જ અસર કરે છે જયારે એની પાછળ ચારિત્ર્યનું તપ અને તેજ હોય. એકવાર એક સજ્જને એક ચિંતકને પ્રશ્ન કર્યો, ''આટલાં બધા ચતુર વક્તાઓ આપણી પાસે છે છતાં સમાજપરિવર્તન કેમ સધાતું નથી?'' ચિંતકે ઉત્તર આપ્યો, ''વકતામાં માત્ર ચાતુર્ય જ નહીં, ચારિત્ર્ય પણ હોવું જોઈએ!'' આ વિચારને પોષક એવી વાત એક ગુજરાતી કવિએ કાવ્યપંક્તિમાં વણી લેતા કહ્યું છે -

તપસ્વી વાણી તો જીવનતણો આધાર લાગે છે,
નહીં તો શબ્દો મોટા મોટા કેવળ ભાર લાગે છે!

તપસ્વીની વાણી અધિકારી વાણી બને છે... એ સાર્થક પણ લાગે છે. પ્રાચીન કાળમાં ઋષિ - મુનિઓની તપયુક્ત ઓજસ્વિની વાણી પ્રત્યેનું કલ્યાણ કરનારી હતી. આવી ઋષિગિરાને બિરદાવતાં ભવભૂતિ લખે છે -

**લૌકિકાનાં હિ સાધૂનાં અર્થ વાગનુવર્તતે ।**
**ઋષિણાં પુનરાદ્યાનાં વાચમર્થોઽનુધાવતિ ॥**

અર્થાત્ લૌકિક સજ્જનોની વાણી અર્થને અનુસરે છે જયારે આદ્ય ઋષિઓની વાણીનું તો અર્થ સ્વયં અનુસરણ કરે છે.

કુરૂક્ષેત્રના મેદાનનું એક દૃશ્ય યાદ કરવા જેવું છે. કૌરવસેનાની સામે ઊભેલાં અર્જુન કૌરવસેનાની સામે ઊભેલાં અર્જુન ધ્રૂજતો ધ્રૂજતો શ્રીકૃષ્ણને કહે છે, ''હે ભગવન! આ સૌનો સંહાર કરીને મને ત્રણ લોકનું રાજય મળે તો પણ મારે નથી જોઈતું.'' ...' ને અર્જુનના હાથમાંથી ગાંડીવ સરી પડ્યું. તે નિષ્ક્રીય બની ગયો. પરંતુ એ જ વખતે ભગવાન શ્રીકૃષ્ણે ગીતાની ગરવી વાણી વહેવડાવી... મુખ્ય ત્રણ વાત પ્રભુએ કરી...

(૧) અર્જુન! તું રખે માનતો કે આ બધાંને તું મારીશ તો મરશે. તેઓ મરેલાં જ છે. તારે તો માત્ર તેમને મારવામાં નિમિત્ત જ બનવાનું છે.

હું જ આ વિશ્વનું સર્જન કરું છું, પાલન કરું છું ને સંહાર કરું છું.

(૨) અર્જુન! તું તારું કર્મ કર. તારે ફળની આશા રાખવાની નથી. કર્મ છોડે તે પડે પરંતુ કર્મનું ફળ છોડે તે ચડે.

(અનુસંધાન પાના નં. ૬ પર)

# ધરતી અને આકાશ એકબીજામાં સદેહે ન ભળતાં હોવા છતાં આભાસી મિલનમાં પણ અનુપમ ભાસે છે

## શ્રુતિ બંધનમ્

- ડો. બ્રિજ

'આ નભ ઝૂક્યું તે કાનજી,
ને ચાંદની તે રાધા રે...!
આ લોચન મારાં કાનજી
ને-નજરું જુએ તે રાધા રે...!'

પ્રિયકાંત મણિયારજીને યાદ કરીને શરૂઆત કરું છું. અષાઢ બેઠો છે, નજરું કાંઇ આકાશ ચોંટે છે. બફારો શરીરને પજવે છે. વ્યાકુળતા મનને વલવલાવે છે. ધરતીમાંથી પ્રગટતી ગરમી શાંત થવાના અભરખા રાખી બેઠી છે. વનેવન મોરલાનાં સાદ સાજ સજે છે, ધરતી જામે પીયુના આગમન કાજે વલખે છે. અષાઢે ગોરંભાતાં વાદળાંની દોડ આશાઓનાં અસંખ્ય તારલાં ચમકાવે છે...!

પહેલા વરસાદથી ખુશબોના ગીત લહેરે છે. કૂંણા ઘાસમાં લીલા રંગો પ્રગટ છે, કયાંક ઝાપટે વાદળ ખડકાય છે, કયાંક આછેરી ધારે વાદળ વરસે છે. અને વીજળીના ચમકારા - વાદળના ગડગડાટ એંધાણ રચે છે. ચોમાસે રચાતી તૈયારીઓ થતી રહી છે. પશુ - પંખી - માનવ - જીવજંતુઓમાં નવસંચારનો પ્રવાહ પ્રગટવા મથે છે. ધરતી અને આકાશ એટલાં દૂર કે માપ્યાં ન મપાય અને છતાં પણ એટલાં નજીક...! કાનજી અને રાધાની જેટલાં...!

કવિ લોચન અને નજરની એકમેકતા સહજ રીતે પ્રગટ કરી દે છે. કૃષ્ણ રાધાની વાત હોય ત્યાં પરસ્પર નિર્ભેળ - નિર્લેપ પ્રેમની વાત આવે. અનોખા સમર્પણની વાત આવે. બે અલગ અસ્તિત્વનું એકમેસમાં સમાઇ ગયેલું - પીગળવા ગયેલું પ્રેમતત્ત્વ પ્રતિક રાધા - કૃષ્ણ અને ધરતી - નભ. કૃષ્ણને રાધા ગમે છે, તેનો સથવારો, તેનું ગીત, તેનું નૃત્ય, તેનું સમર્પણ અને રાધાનું સર્વસ્વ ગમે છે. રાધાને પણ કૃષ્ણ પ્રત્યેનો અનુપમ અનુરાગ છે. સ્વને વિસરી જઇ કૃષ્ણત્વ પામવાની ઘેલછા છે. ધરતી અને આકાશને કુદરતે અનોખો દેહ આપ્યો છે, અનંત આકાર, અનંત વિશાળતા, અનંત સૌંદર્ય અને અનંત લીલાઓ પણ તેટલી જ...! ધરતી અને આકાશ એકબીજામાં સદેહે ન ભળતાં હોવા છતાં આભાસી મિલનમાં પણ અનુપમ ભાસે છે. વિશ્વને ધારણ કરનારી ધરતી અને વિશ્વને સમાવી લેનારું આકાશ. બંનેના સૌંદર્ય પાછળ બંનેનાં જ કરતૂત, એકબીજાને સજાવવાનાં કૌતુંક...! ધરતી અને આકાશની વાત કરું ત્યાં હેમંત દેસાઇની કવિતા હાથ પકડીને અહીં કૂદી પડે છે. કદાચ મારી લમણાઝીંક કરતાં આ કાવ્યની કોમળતા માણીએ.

હું ગગન અને તું ધરતી
શીતલ ઊજળી ચાંદની
માટે તવ ઉપર સાગર ભરતી!
પ્રિય! હું ગગન અને તું ધરતી
તું ગગન નિત અભિસારે,
હું તલસું મારે દ્વારે,
અનુરૂપ થાવ! ઉભય હૃદયની આરત શી મર્મરતી!
તું ઋતુએ ઋતુએ નૂતન,
હું પલટું તોય પુરાતન,
ભાવસભર હું મૌન, સદા તું ગીત મધુર નિર્ઝરતી!
શી પ્રીત અને શાં બંધન!
નવ પામું તવ પરિરંભન!
તું જમુના હું કદંબ, મારી છાયા તુજમાં તરતી!
હું ગગન અને તું ધરતી!

કવિતા સુંદર રીતે આપણી અંદર ઉતરી જાય તેવી છે. બુધ્ધિની સાથે હૃદયમાં પણ રણઝણાટી પેદા કરી દે તેવા શબ્દો છે, પણ બે પંક્તિઓ વધારે પ્રસ્તુત છે.

શી પ્રીત અને શાં બંધન!
નવ પામું તવ પરિરંભન!

પરિરંભન એટલે આલિંગન, ધરતી અને આકાશની આ કરૂણતા છે.

જાણવાની ઇચ્છા થાય છે? જવાબમાં શ્રીરામકૃષ્ણે હા કહી અને તોતાપુરીના ગુરુપદ નીચે એમણે સાધના કરીને થોડાક સમયમાં નિર્વિકલ્પ સમાધિ સિધ્ધ કરી. આ સ્થિતિમાં જીવાત્મા અને પરમાત્માની પૂર્ણ એકતાનો સાક્ષાત્કાર થાય છે. રામકૃષ્ણ બીજા ધર્મોનું જ્ઞાન મેળવે છે. અને એક જ તારણ ઉપર આવ્યા કે દરેક ધર્મ - સંપ્રદાય એક જ ઇશ્વરને પામવાનો માર્ગ છે. ઇશ્વર પ્રાપ્તિની ભૂમિકાઓ જુદી જુદી છે. જગદંબામાં અપાર શ્રધ્ધાએ કહેતા : "વિશ્વભાતૃત્વના સિધ્ધાંતની હિમાયત કરનારા પુરૂષોના નૂતન સંઘની સ્થાપના જગદંબા કરશે."

જગત નિરાળું છે. અનેક ઘટનાઓનું અહીં પુનરાવર્તન પણ થાય છે. માનવજાત દુઃખથી વ્યથિત થાય છે ત્યારે એવું અલૌકિક અવતરણ પૃથ્વીને કરૂણાથી ભરી દે છે, સ્વામીજી પાસે જ ભારતીય સંસ્કૃતિનો લહેરાવ કરાવવાનું નિમિત્ત શ્રીરામકૃષ્ણ દેવ રૂપે થયું છે. જગતનો આધ્યાત્મિક ઇતિહાસ આ સત્યની સાક્ષી પૂરે છે. શ્રીકૃષ્ણને અર્જુન, બુધ્ધને આનંદ, શ્રીગૌરાંગને નિત્યાનંદ અને ઇશુને પિટર સાંપડ્યા. રામકૃષ્ણ દેવ નરેન્દ્ર ઉપર અતિ શ્રધ્ધા દાખવતા. તેમનો વિશ્વાસ અટલ હતો કે નરેન્દ્ર પોતાનો સંદેશ જગતને આપશે.

આ બે મહાન વિભૂતિઓ વિશે લખતાં શબ્દો સાથ આપતા નથી. તેમની આધ્યાત્મિકવૃત્તિ - કર્મવૃત્તિ - જીવનવૃત્તિ એટલી બધી પ્રસ્તુત છે અને વિશ્વના લાખો - કરોડોને અભિભૂત કરનારી છે. તેમની જગત્ ઉધ્ધારક ચાલ, માનવ-માનવમાં અતૂલિત પ્રેમ સ્થપાય, વિશ્વભાતૃત્વની અજોડ ભૂમિકા રચવાની નેમ...! આ બધું સહજ - સરલ નથી. વેદોના જ્ઞાનને પચાવવું અને પાછુ તત્કાલિન સમય સાથે કદમ મિલાવવો એ બે કાંઠે ચાલવા જેવું દુષ્કર હતું. સ્વામીજી વિશે મારા જેવો લખે તો પણ ઘણી પ્રશંસા અમસ્તી મેળવી જાય. આ મહાન આત્માઓના જીવનનો સ્પર્શ છે... શરીરથી ન હોવા છતાં તેમને કહેલી વાતને જન સમાજ સુધી પહોંચાડવામાં અને અનેરો આનંદ અને લાભ પણ મળે. શુભ સંકલ્પ - શુભ કર્મની આ અસર છે. બાકી રામકૃષ્ણદેવ અને સ્વામીજીની પ્રતિભાને સ્પર્શવું સહેલ નથી.

શ્રી રામકૃષ્ણદેવનું આધ્યાત્મિક જ્ઞાન અપાર હતું. પ્રબળ ઇશ્વરપ્રેમને લીધે આત્મ સાક્ષાત્કારની ભૂમિકા તેમને સહજ થઇ પડી. તેઓ કહેતા : "અગ્નિ અને તેની ઉષ્ણતા, દૂધ અને તેની ધવલતા એક જ છે, તેમ બ્રહ્મ અને શક્તિ એક જ છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)

## આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

**૧૭મી જુલાઇ**



- આયુષ્ય જીવન લોકહિતાર્થે - સંઘર્ષમાં વિતાવનાર મહાન કર્મવીર ઇન્દુલાલ યાજ્ઞિકનું અવસાન ૧૭-૭-૧૯૭૨માં થયું.
- નિષ્ણાંત પિયાનો વાદક બિથોવનનો જન્મ ૧૭૭૦.

તેમણે અનેક સિમ્ફની સર્જી છે જે આજે પણ લોકપ્રિય છે. પ્રાશ્વત સંગીતમાં નક્કર કાર્ય કરનાર - મૌલિક સ્વરાંકનોથી મોટો ચાહકવર્ગ ઉભો કરનાર બિથોવનનું ૧૮૨૭માં મૃત્યું થયું.

# પોતે ઘસાઈને બીજાને ઉજળાં કરવાની તેમની નેમને લાખો સલામ છે


## મોંઘેરા મોતી

- નટવર આહલપરા

વર્ષ ૧૯૭૯માં ભાવનગરની વળિયા આર્ટ્સ કોલેજમાં હું બીજા વર્ષમાં ભણતો હતો. 'આકૃતિ' નાટ્ય સંસ્થાની જાણીતો થઇ ગયેલો. ઇચ્છા હતી કે, નાટ્ય અભિનેતા કે તેનાથી કંઇક વિશેષ બનવું. એ સમયે નાટકના મંચમાં કોરિયોગ્રાફર તરીકે શ્રી નારાયણભાઇ મિસ્ત્રી (છત્રાવલા) ભાવનગર જિલ્લાના ગઢડા (ગઢપુર સ્વામી) ગામના પણ મુંબઇમાં પ્રસ્તાપિત થઇ ચૂક્યા હતા. 'હુન્નર ઘડતર' થી અમે પરિચિત થયા અને પત્રાચાર થયો હતો. એમણે મને તા. ૨૮-૬-૭૯ ના રોજ પ્રથમ પત્ર લખ્યો હતો. એ પૂર્વે ભહાવનગર ટાઉનહોલ ખાતે એમના સ્ટેજ મોડેલ શોમાં અમે શિલ્પી દેવરાજભાઇ સૂત્રધાર સાથે મળ્યાં હતા. કચ્છ, હૈદરાબાદ, કલકત્તા, મુંબઇ વગેરે સ્થાનોએ તેમના મોડેલ પ્રદર્શનો થઇ ચૂક્યા હતા. તેમની સરકાર પાસે ઇચ્છા હતી કે, ગુજરાતમાં કોઇ સ્થળે અથવા ગઢડામાં કાયમી સંગ્રહ સ્થાન થાય. પણ એમના આદર્યા અધૂરાં રહી ગયા. પ્રશ્ન થાય છે કે, કલાકારો સાથે આવું કેમ થાય છે?

તા. ૧૨-૧૨-૧૯૯૯માં શ્રી નારણભાઇનો બાવીસ વર્ષ પછી ભાવભર્યો પત્ર મળ્યો અને તેમણે તૈયાર કરેલી પુસ્તિકા 'શ્રી વિશ્વકર્મા પ્રાર્થનાધામ ગઢપુર સ્વામિના' નામે મોકલી હતી. શ્રી વિશ્વકર્મા પ્રાર્થનાધામ નકશો એમનાં ધર્મપત્ની સવિતાબેન સાથેની લાક્ષણિક તસ્વીર, ઉઘડતા પાને એક એકરમાં બનાવવાનું હતું, એ ધામ માટે વિશ્વકર્માના ચારેય સંતાનો માટેની ઉમદા ભાવના હતી. તેને આજે પણ વંદના કરવાનું મન થાય છે.

વિશ્વકર્મા દાદાની પ્રેરણાથી જ ધામ બનશે, એવી શ્રી નારણભાઇને શ્રધ્ધા હતી. ધામના દર્શને આવનારને રહેવા - જમવાની સુંદર વ્યવસ્થા મળી રહે તેવું એમનું સ્વપ્ન હતું. વિશ્વકર્મા ધામમાં મેડિટેશન હોલ હોય અને તેમાં દાદાની પ્રાર્થના, કીર્તન, કથા, ભજન થઇ શકે. લાઇબ્રેરીમાં ચા-કોફી પીધા પછી વાંચવા જવાનું, વાંચવા માટે ખાસ કરીને વિશ્વકર્મા, ગૌરવગાથા, ધાર્મિક ગ્રંથો, સ્થાપત્ય કલા, એન્જિનીયરીંગ, આર્કિટેક્ટ, ઇન્ટીરીયલ ડેકોરેશન અને પ્રાચીન કલાના પુસ્તકો હોવા જોઇએ. તેવો ઉમદા વિચાર હતો.



હિતચિંતક, કલાસાધક : નારાયણભાઇ મિસ્ત્રી

નાટ્યકલા સંગ્રહાલયમાં રંગભૂમિના રસિકો માટે તખ્તા વિશેના મોડેલ વગેરે આકર્ષણ રાખવાની તેઓની ઇચ્છા હતી. ભવિષ્યે ચિત્રશાળા, સંગીત શાળા, ઓપન એર થિયેટર આવનારી પેઢી માટે બનાવવા, જ્ઞાતિજનોની એક સલાહકાર સમિતિ બનાવવાની તેમજ આર્ટ ગેલેરીમાં જ્ઞાતિના ચિત્રકારો, શિલ્પીઓનાં ચિત્રો - શિલ્પો વેચાણ માટે મૂકવા. આ દીર્ઘદૃષ્ટાએ એવું પણ વિચાર્યું હતું કે, દર્શને આવેલ ભક્તોની મોટરકાર બગડે તો તેમાં રીપેરીંગ માટે ગેરેજની અને ડ્રાઇવરને રહેવાથી વ્યવસ્થા કોમન હોલમાં કરવી.

એ સમયે અમેરિકાથી શ્રી રાજેન્દ્ર મિસ્ત્રીએ જણાવેલું કે, "શ્રી વિશ્વકર્મા પ્રાર્થના ધામની બાબતમાં આપના વિચારો તેની સાથેની અનેક પ્રવૃત્તિઓની કલ્પના. આ બધા જ આપના પ્રયત્નો આપને શ્રી વિશ્વકર્મા દાદા ખૂબ જ સફળતા અપાવશે. એ વાત ખાત્રીપૂર્વક હું જણાવું છું."

શ્રી નારણભાઇ મીસ્ત્રીની દાદા પ્રત્યેની ભક્તિ અને ગુર્જર સુતાર જ્ઞાતિ પરત્વેની ઉદાત ભાવના કેવી હતી. તે તેમના જ શબ્દોમાં જ વાંચીએ :

'શ્રી વિશ્વકર્મા પ્રાર્થનાધામ' એટલે દાદાનું પોતાનું નિવાસ સ્થાન. આપણે દાદાથી કેટલા બધા નજીક આવી જઇશું. શ્રી દાદાના પૌત્ર-પૌત્રીઓ અને આપણા બંધુઓ, જે ટોચ ઉપર છે, ભણ્યા નથી પણ ગણ્યા છે. તેમને પણ ખૂંણે ખાંચરેથી શોધી કાઢી. એનું સન્માન કરવું. "જો કે ૧૯૯૪ માં રાષ્ટ્રપતિશ્રી શંકરદયાળ શર્માએ નારણભાઇનું અભિવાદન કર્યું હતું."

પોતે ઘસાઇને બીજાને ઉજળા કરવાની તેમની નેમને લાખો સલામ છે. શ્રી નારણભાઇને વર્ષ ૨૦૦૨ માં ભાવનગર ગુર્જર સુતાર જ્ઞાતિ આયોજિત વિદ્યા સત્કાર સમારંભમાં શ્રી વિશ્વકર્મા મંદિર, સુતારવાડ ખાતે મળવાનું બન્યું હતું. તા. ૬-૨-૨૦૦૪નાં રોજ વિશ્વકર્મા પ્રાર્થનાધામના ખાતમુર્હૂત પ્રસંગે મારી નાદુરસ્ત તબિયતને લીધે હું જઇ શક્યો નહોતો. તેનો રંજ આજે પણ ખટકે છે, થાય છે કે વ્યવહારો એ અડચણોથી આપણે ઘણું ગુમાવીએ છીએ. શ્રી નારાયણભાઇ જીવનભર એકાકી રહીને ઝઝૂમ્યાં એ મરતાં સુધી લગભગ કોઇની સહાય લીધી ન હતી. ઉલ્ટાનું સમાજને એ મદદરૂપ થયા છે. પણ આ મહાનપુરૂષની જીવન કહાણી વાંચી સમાજ પોતાના જીવતા સિંહોને આદર આપશે ખરો? નાના હોય કે મોટા પણ તેના ક્ષેત્રમાં પ્રગતિ કરે તેનો વાંસો થાબડીએ. અભિનંદન આપીએ, જડતા, દંભ છોડી જુદા જુદા ક્ષેત્રની વિશિષ્ટ પ્રતિભાને બિરદાવીએ.

**શ્રી પવનતનય, ૩, વિમલનગર, યુનિ. રોડ,**
**રાજકોટ - ૩૬૦૦૦૫, મો. નં. ૯૯૭૪૦ ૦૯૦૪૨**